# સાવધાન : શહેર-જિલ્લામાં કોરોનાના ૧૦૦ કેસ

## શહેરમાં ૪૦, ગ્રામ્યમાં નવા ૬૦ કેસ નોંધાયા : જિલ્લાનો પોઝીટીવીટી રેટ પાંચ ટકાને પાર થયો : લોકલ ટ્રાન્સમિશન વધ્યુ : દહેગામમાં ૪ કેસ, ગાંધીનગર-કલોલમાં ૨૮-૨૮ કેસ નોંધાયા : શહેરમાં આજે સે. ૩ માં ૮, આઈઆઈટી અને સરગાસણમાં ૪-૪ કેસ, સે. ૨ અને ૮ માં ૩-૩ કેસ, કુડાસણ, સે. ૪, ૨૩, ૨૯, ૩૦ માં ૨-૨ કેસ તેમજ ઈન્ફોસીટી, રાંદેસણ, સે. ૧, ૭, ૧૨, ૧૭, ૨૨, ૨૭માંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. છેલ્લા બે માસમાં આજે શહેર-જિલ્લામાં સૌથી વધુ કેસ નોંધાતા તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૬૦ અને શહેરમાં નવા ૪૦ કેસ નોંધાયા છે. આજે એક જ દિવસમાં બે મહિનામાં સૌથી વધુ કેસ નોંધાતા તંત્રમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૫ ટકાને પાર થઈ ગયો છે. બે દિવસના ઘટાડા બાદ કોરોના જે રીતે વકર્યો છે તેને લઈ તંત્ર પણ ચૌંકી ઉઠ્યુ છે. લોકલ ટ્રાન્સમિશન વધવાની સાથે સાથે કેસોની સંખ્યા પણ વધી રહી છે. જો કે આ ચોથી લ્હેરમાં હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે અને રિકવરી રેટ વધુ હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

શહેર-જિલ્લામાં વેક્સિનેશન અભિયાન સઘન બનાવવાની સાથે ૩-ટીની કાર્યયોજના અને સઘન સર્વેલન્સની રણનીતિ અમલી બનાવવામાં આવી છે. જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ લોકો સતર્ક રહે તે માટે પણ તંત્રએ આક્રમક વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૪૦ કેસ નોંધાયા છે. ૧૮ મહિલા દર્દી અને ૭ દર્દી ૬૦ થી વધુ વયના નોંધાયા છે. મહિલા દર્દીઓની અને મોટીવયના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં અગાઉ ત્રીજી લ્હેરમાં પણ સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે તેમજ શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈઆઈટી સંકુલમાં હજુ પણ સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં ન આવતી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં આજે ૨૮ કેસ અને ગ્રામ્યમાં ૧૨ કેસ નોંધાયા છે. સેક્ટરોમાં સંક્રમણ વધી રહ્યુ છે. લોકો કોરોના ગાઈડલાઈનના પાલનમાં બેદરકારી દાખવી રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૩ માં ૮, આઈઆઈટી અને સરગાસણમાં ૪-૪ કેસ, સે. ૨ અને ૮ માં ૩-૩ કેસ, કુડાસણ, સે. ૪, સે. ૨૩, ૨૯, ૩૦ માં ૨-૨ કેસ તેમજ ઈન્ફોસીટી, રાંદેસણ, સે. ૧, ૭, ૧૨, ૧૭, ૨૨, ૨૭માંથી પણ કેસો મળી આવ્યા છે.

સરગાસણમાં ૨૩ વર્ષીય યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ૩૯ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

### શહેર-જિલ્લામાં ૪૪૦થી વધુ એક્ટીવ કેસ સારવાર હેઠળ

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના એક્ટીવ કેસોની સંખ્યા ૪૪૦થી પણ વધી જવા પામી છે. શહેર-જિલ્લામાં આજે ૧૦૦ કેસ નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૦થી વધુ તો શહેરમાં ૨૦૪ જેટલા એક્ટીવ કેસો હાલ સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં આજે રિકવર થયેલા દર્દીઓ કરતા ૪ ગણા કેસ નોંધાતાં તંત્રની દોડધામ પણ વધી છે. આ કેસો જે ઝડપથી વધ્યા છે તેને લઈ તંત્ર પણ હવે તેની વ્યુહરચનાને નવેસરથી તૈયાર કરવાનું વિચારી રહેલ હોવાનું જાણવા મળેલ છે.

# સરકારી શાળામાં સાંભળવાની ક્ષતિ ધરાવતા બાળકોને સ્વૈચ્છીક સંસ્થા યંત્રો આપશે

## જિલ્લામાં આજે યોજાયેલા એસસમેન્ટ કેમ્પમાં ૧૩૦ બાળકો પૈકી ૧૧૩ બાળકોનું એસસમેન્ટ કરાયુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના ૧૩૦ જેટલા બાળકો સાંભળવાની ક્ષતિ ધરાવતા હોવાની વિગતોને આધારે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી અને તેમની કચેરીના પ્રયાસોથી એક સ્વૈચ્છીક સંસ્થા આ બાળકોને મદદરૂપ થવા આગળ આવતાં આજે આ બાળકોનો એસસમેન્ટ કેમ્પ તાલુકા મથકો પર યોજાયા હતા.

મળતી વિગતો પ્રમાણે "WE HEAR EAR" સંસ્થાએ આ બાળકોને સંસ્થા તરફથી યંત્ર આપવાની જાહેરાત કરી છે.

જિલ્લાના ચારેય તાલુકામથકોએ આજે યોજાયેલ એસસમેન્ટ કેમ્પમાં સંસ્થાના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા. આજે ૧૩૦ પૈકી ૧૧૩ બાળકોનું એસસમેન્ટ પૂર્ણ થયુ છે અને ટુંક જ સમયમાં આ બાળકોને યંત્ર આપવામાં આવશે.

આજના આ એસસમેન્ટ કેમ્પમાં જિલ્લા કોર્ડીનેટર વ પ્રા. શિક્ષણાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિ, સ્ટેટ કચેરીના સચિવ મહેશભાઈ મહેતા પણ હાજર રહ્યા હતા અને જરૂરી માર્ગદર્શન બાળકો અને વાલીઓને આપ્યુ હતુ.

જિલ્લામાં દિવ્યાંગ બાળકોને ભણવામાં કોઈ તકલીફ ના પડે તે માટે તંત્રએ સંવેદનશીલ અભિગમ સાથે સ્વૈચ્છીક સંસ્થા સાથે સંપર્ક કરી અને તેમને આ કામ માટે તૈયાર કરતાં સાંભળવાની ક્ષતિ ધરાવતા બાળકોના વાલીઓમાં ખુશી જોવા મળી હતી.

એસસમેન્ટ કેમ્પમાં બાળકની ક્ષતિઓ અંગેનો અભ્યાસ કરી આ યંત્રો તૈયાર કરવામાં આવશે અને ખુબજ ટુંકાગાળામાં બાળકોને તે આપવામાં આવશે.



શ્રાવણ મહિનાના પ્રારંભ સાથે જ ધાર્મિક માહોલ છવાયો છે. ગાંધીનગરની નજીક આવેલા વાસણિયા મહાદેવ મંદિરે આખો શ્રાવણ માસ ભાવિકોની ભારે ભીડ રહે છે. શ્રાવણ માસના પ્રારંભે વાસણીયા મહાદેવ દાદાનો વરઘોડો યોજાયો હતો. આ અવસરે જાણે આખુ ગામ હિલોળે ચઢ્યુ હતુ અને વરઘોડામાં રંગેચંગે જોડાયુ હતુ.

# ગુડા વિસ્તારમાં ટપાલ સેવાના અભાવે નાગરિકોને પરેશાની

## વિદ્યાર્થીઓ ઉપરાંત પેન્શનરો પ્રભાવિત ઇન્ટવરવ્યુના કોલ પણ મળતા નથી

ગાંધીનગર તા ૨૮

ગુડા વિસ્તારમાં રાયસણ અને વિદ્યુતનગરમાં અંદાજિત ૨૩ થી વધુ સોસાયટીઓ અસ્તિત્વમાં આવી છે. પરંતુ આ વિસ્તારમાં કનેક્ટીવિટી મળતી નથી અલબત્ત જુના ગાંધીનગરની જેમ આ વિસ્તારમાં પણ અનેક સુવિધાઓનો અભાવ છે. જયારે આ વિસ્તારના રહીશો ટપાલ સેવાથી પણ વંચિત છે. સ્પીટ પોસ્ટ કે રજીસ્ટર કરવામાં આવે તો જ ઘરે સંદેશો મળી રહે છે. ટપાલ સેવાના અભાવે પેન્શનરોને વિશેષ હાલાકી વેઠવી પડે છે. જયારે વિદ્યાર્થીઓના કામ પણ અટવાય છે. આ વિસ્તારમાં ટપાલ સેવા ઉપલબ્ધ કરવા માટે ડાક અધિક્ષને શહેર વસાહત મહામંડળ દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે ડાક અધિક્ષકને રજુઆતમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરની આસપાસ ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ઘણા ગામો શહેરની જેમ વિકાસ પામી રહ્યા છે. આમછતા આ વિસ્તારમાં હજુ કનેકટીવીટીનો પ્રશ્ન છે. જયારે ટપાલ સેવાના નામે પણ મીંડુ છે.

રાયસણ અને વિદ્યુતનગર એક અને બે વિસ્તારમાં પણ અંદાજિત ૨૩ જેટલી સોસાયટી અસ્તિત્વમાં આવી છે. આ વિસ્તારમાં રહીશોની સંખ્યા પણ વધુ છે. આમછતા ટપાલ સેવા ઉપલબ્ધ નથી. શહેર વસાહત મહામંડળના કીશોર જીકાદરા, મયુર વ્યાસ, પ્રદિપ સોલંકી નિલેશ જોષી અને ભાવેશ વ્યાસ સહીતના અગ્રણીઓએ ડાક અધિક્ષકને રજુઆતમાં જણાંવ્યા મુજબ આ વિસ્તારમાં ટપાલ કચેરી અને વિતરણ વ્યવસ્થા યુધ્ધના ધોરણે શરૂ કરવાની અનિવાર્યતા છે.

ટપાલ સુવિધા અને યોગ્ય કનેકટિવીટીના અભાવે પેન્શનરો, નોકરીના ઈન્ટરવ્યુ કોલ તેમજ વિદ્યાર્થીઓના પરિણામલક્ષી બાબતોને અનુલક્ષીને પણ દુવિધા વેઠવાનો વારો આવે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ડાક અધિક્ષકને તુરંત જ નાગરિકોની હાલાકી દુર કરવા માટે યોગ્ય પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ કરવામાં આવી છે.







સ્વચ્છ ભારત અભિયાનના લીરેલીરા... - આ તસવીર ગુજરાતના કોઈ ખૂણાખાંચરાની નથી... આ તસવીર કોઈ ગ્રામ્ય વિસ્તારની નથી... આ તસવીર પાટનગરની છે... આ તસવીર સચિવાલયથી માંડ એકાદ કિલોમીટર દૂર આવેલા એસ.ટી. ડેપોની છે... અહીંયા સ્વચ્છતાના નામે શુન્ય છે... ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયા છે... જ્યાં હજારો લોકોની અવરજવરના સ્થાને મચ્છરોના ઉપદ્રવ માટેનું મોટામાં મોટુ સ્થાન બની ગયું છે... આ માત્ર બેદરકારી છે એવું નથી, પણ જાણી જોઈને સ્વચ્છતા પ્રત્યેની અવગણના છે... ગાંધીનગર એસ.ટી. ડેપોને નમૂનારૂપ ડેપો બનાવવાના બણગા ભલે ફૂંકાતા હોય પણ વાસ્તવિકતા વરવી છે... આ માત્ર એકાદ-બે જગ્યાની વાત મિડીયા કરી શકે... બાકી તો બધુ જ કાગળ પર ચિતરાયેલું છે... આવા દશ્યો સ્વચ્છ ભારત અભિયાનના ખુલ્લેઆમ લીરેલીરા થતાં હોય એમ અનુભવાય છે...

# ઈમ્પેકટ ફીના કાયદાનો ગાંધીનગરમાં પણ અમલ કરવા માંગ

## વર્ષ ૨૦૧૧ માં ગુડાએ સેકટરોમાં કેમ્પ કરીને પેમ્ફલેટનુ વિતરણ કર્યુ હતુ : જયારે અરજદારોએ મોટી સંખ્યામાં ફોર્મ પણ ભર્યા હતા : ગત સમયની અરજીને પણ માન્ય રાખવા શહેર વસાહત મહામંડળની રજુઆત

ગાંધીનગર તા ૨૮

વધારાનુ બાંધકામ કર્યુ હોય અથવા હેતુફેર થવાના કિસ્સામાં રાજય સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી વસુલીને બાંધકામને રેગ્યુલરાઈઝ કરવા માટે નિર્ણય કરાયો છે. જયારે અગાઉ વર્ષ ૨૦૧૧ દરમિયાન પણ ઈમ્પેકટ ફી વસુલી બાંધકામને નિયમિત કરવા માટે આયોજન કરાયુ હતુ પરંતુ આ વેળાએ ગાંધીનગરને આ યોજના અન્વયે બાકાત રાખવામાં આવ્યુ હતુ જયારે તે વેળાની અરજીઓ પણ પેન્ડીંગ રહી ગઈ હતી. જયારે ઈમ્પેકટ ફી વસુલી નગરજનોને પણ તેનો લાભ આપવામાં આવે તેવી માંગણી પણ શહેર વસાહત મહામંડળે વ્યકત કરી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ઈમ્પેકટ ફીના અમલ અન્વયે ગુડાએ અગાઉ સેકટરવાસીઓને જાગૃત કર્યા હતા જે અન્વયે સેકટરોમાં વિવિધ ઠેકાણે કેમ્પનુ પણ આયોજન કરાયુ હતુ જયારે ગુડા દ્વારા અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવાના આ કાયદા અન્વયે નાગરિકોને જાણકારી મળે તે માટે પેમ્ફલેટનુ પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં કાયદાની લાક્ષણિકતાઓ સહીત કાયદા અંગેની વિસ્તૃત સમજણ પણ આપવામાં આવી હતી. એટલુ જ નહી પરંતુ ઈમ્પેકટ ફી મામલે રૂપિયા પણ વસુલવામાં આવ્યા હતા. આમછતા આ અરજીઓનો નિકાલ લાવવામાં આવ્યો ન હતો. જયારે સમગ્ર મામલો કલેકટર, ગુડા અને

● અનુસંધાન પાન-૭ પર

# ગિફટસિટીથી લેકવાડા માર્ગ પર ૩૩૦ વિજથાંભલા નાંખવામાં આવશે

## અનેક સંસ્થાઓ તેમજ આસપાસના સ્થાનિકોની રજુઆતને અનુલક્ષી ટુંકમાં માર્ગ પર અજવાળુ પથરાય તે માટે નવા થાંભલા નાંખવાનુ કામ હાથ ધરાશે : ૧.૩૧ કરોડના ખર્ચને મંજુરી

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર નજીક બિઝનસ હબ તરીકે વિકસતા ગિફટ સીટીને અનુલક્ષી વિવિધ વિકાસલક્ષી યોજનાઓ હાથ ધરવામાં આવી છે. જયારે ગિફટ સીટીની સાથે જોડાયેલા વિસ્તારમાં પણ માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી રહી છે. ગિફટ સીટીને અડીને જ અગાઉ સિગ્નેચર બ્રિજનુ નિર્માણ કરાયુ હતુ. જયારે આ વિસ્તારને જોડતા માર્ગોને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. ગિફટ સીટીથી લેકાવાડા માર્ગને જોડતા રસ્તા પર સ્ટ્રીટ લાઈટના નવા ૩૩૦ થાંભલા નાંખવાની કામગીરી પણ ટુંકમાં શરૂ કરી દેવાશે આ કાર્યયોજનાને વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવામાં આવી છે.

સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ગાંધીનગરમાં અનેકવિધ વિકાસ કામોને અંજામ આપવામાં આવી રહ્યો છે. શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા સહીત અન્ડર પાસ તેમજ સેકટરોના ઉદ્યાનોને નિખારવા સહીત અનેકવિધ યોજના સંદર્ભે કામ હાથ ધરવામાં આવ્યુ છે. મેટ્રો રેલ પ્રોજેકટ સંદર્ભે પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે શહેર નજીક સ્થિત ગિફટ સીટીમાં પણ અનેકવિધ હોટેલો, સ્ટોક એકસ્ચેન્જ બેંકો સહીત અન્ય બિઝનેસ સેન્ટરો પણ કાર્યરત થયા છે. બિઝનસ હબ બનતા ગિફટ સીટીમાં હાઈફાઈ સુવિધાઓ ઉભી કરવા માટે નવતર આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે ગિફટ સીટીની સાથે જોડાયેલા આસપાસના વિસ્તારોમાં પણ રોડ નેટવર્કને અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. આ વિસ્તારમાં તબક્કાવાર નવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં ગિફટ સીટી સાથે જોડાયેલા માર્ગોનુ પણ રીસરફેસીંગ કરવામાં આવ્યુ હતુ જયારે જરૂર જણાંય ત્યાં માર્ગોનુ વાઈડનીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. માર્ગ મકાન વિભાગ કક્ષાએથી ગિફટ સીટી થી લેકાવાડ સુધીના માર્ગ પર સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ નાંખવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ માર્ગ પર લાંબા સમયથી અંધારુ છવાયેલુ છે. જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને પાલજ સહીતના આસપાસના ગ્રામજનો અને અન્ય કાર્યરત સંસ્થાઓ દ્વારા પણ તંત્ર સમક્ષ અગાઉ અનેકવાર રજુઆત કરવામાં આવી હતી. આ માર્ગ પર આસપાસના ગ્રામજનોની પણ વિશેષ અવરજવર રહેતી હોય છે.

જયારે રાત્રિના સમયે લાઈટના અભાવે અંધારુ છવાઈ જતા સ્થાનિકોએ હાલાકી વેઠવી પડે છે. જેથી લાંબા સમયથી માર્ગ પર અજવાળુ પથરાય તે માટે પણ સમયાંતરે રજુઆત કરવામાં આવતી હતી ગિફટ સીટી કક્ષાએથી પણ માર્ગ પર પોલ્સ નાંખવા સુચવાયુ હતુ. જેને અનુલક્ષીને આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખવા માટે તંત્ર કક્ષાએથી વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી જયારે આ દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવી છે. જેને અનુલક્ષીને આગામી દિવસોમાં આ માર્ગ પર ૩૩૦ જેટલા નવા વિજથાંભલા નાંખવામાં આવશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧.૩૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. નાનાલાલ મહાદેવભાઈ મહેતા
સ્વ. તા. ૨૯-૭-૨૦૧૬

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર, જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવ ધરાવતા આપને, અમો કદી નહી ભૂલી શકીએ... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.
શરદભાઈ નાનાલાલ મહેતા   જગદીશભાઈ નાનાલાલ મહેતા
શૈલેશભાઈ નાનાલાલ મહેતા
ફર્મ :- સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૪, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR.FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com